**વિકલાંગ વ્યક્તિઓના કુટુંબીજનને વીમા સહાય**
**યોજના આપવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક :- અપગ/૧૦૨૦૦૮/૨૬/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા. 12 FEB 2008

વંચાણે લીધા -

(૧)સા.ન્યા.અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૩/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૦૫/ન.બા.૪/છ.૧

(૨)નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તા. ૧૫/૧૨/૨૦૦૭નો પત્ર ક્રમાંક:અપગ/વીમા પોલીસી/૦૭-૦૮/૩૫૦

**ઠરાવ :**

ઉપર ઉલ્લેખાયેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૦૫/ન.બા.૪/છ.૧ તા. ૨૮-૩-૨૦૦૭ અન્વયે જે વિકલાંગ વ્યક્તિઓની વાર્ષિક આવક રૂા ૧.૦૦ લાખથી વધતી ન હોય તેવી વિકલાંગ વ્યક્તિઓના મૃત્યુ પ્રસંગે તેના કુટુંબીજનોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

વિકલાંગોના બહોળા સમુદાયને લાભ આપી શકાય તે હેતુથી વિમા સહાય યોજનાની વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ વધારવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે વિકલાંગો માટે જૂથ અકસ્માત યોજનાઓમાં વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧.૦૦ લાખમાં વધારો કરીને રૂ. ૨,૫૦,૦૦૦/- કરવાનું ઠરાવવામાં આવે છે.

વિમા યોજનાની બાકીની શરતો/ધોરણો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૬/૨/૨૦૦૮ના રોજ મળેલ અનુમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

( જયદિપ દ્વિવેદી )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

મા. મંત્રીશ્રી ( સા.ન્યાય અને અ.) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી ( ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય,ગાધીનગર

નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
નિયામકશ્રી, પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
વિકલાંગ વ્યક્તિ માટેના કમિશ્નરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
વિમા નિયામકશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ
નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ.
સિલેક્ટ ફાઇલ.

નં. અપગ/વિમા/પોલીસી/૦૭-૦૮/ ૧૨૫૪
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક - ૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮-૦૨-૨૦૦૮

નકલ સવિનય રવાના જાણ સારૂ.
૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
૨) સંબંધિત ફાઈલ.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## પરિશિષ્ટ – ૧

### ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ વિવિધ યોજનાઓ

| ક્રમ | યોજનાના લાભાર્થી | લાભાર્થીની યોગ્યતા | વીમા કવચની રકમ | કયા રીસ્ક આવરી લેવાય છે? |
|---|---|---|---|---|
| ૧ | ખાતેદાર ખેડૂત | ૫ હેકટર કે તેથી ઓછી ખેતીની જમીન ધરાવતા ખાતેદાર ખેડૂત | ૧,૦૦,૦૦૦ | અકસ્માત મૃત્યુ અગર કાયમી સંપૂર્ણ અગર કાયમી આંશીક અપંગતા |
| ૨ | અસંગઠિત જમીન વિહોણા મજૂર | શહેરી તેમજ ગ્રામ્ય ૧૪ વર્ષથી ઉપરના મજૂરો | ૧,૦૦,૦૦૦ | " |
| ૩ | "વિદ્યાદીપ" પ્રાથમિક/માધ્ય./ઉ.માધ્ય. શાળાના વિદ્યાર્થીઓ. | શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ | ૫૦,૦૦૦ | " |
| ૪ | "શહીદવીરકિનારીવાલા" કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ | કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ | ૧,૦૦,૦૦૦ | " |
| ૫ | ITI માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ | ITI નાવિદ્યાર્થીઓ | ૧,૦૦,૦૦૦ | " |
| ૬ | કૈલાસ માનસરોવરના યાત્રીઓ માટેનું વીમા કવચ | કૈલાસ માનસરોવરની યાત્રાએ જતાં તમામ ગુજરાતના યાત્રીઓ માટે | ૧,૦૦,૦૦૦ | " |
| ૭ | અમરનાથના યાત્રીઓ માટેનું વીમા કવચ | અમરનાથની યાત્રાએ જતાં ગુજરાતનાં યાત્રીઓ | ૧,૦૦,૦૦૦ | " |
| ૮ | સાહસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતી વ્યકિતઓ માટેનું વીમા કવચ | રાજય યુવક બોર્ડ દવારા કેટલીક સાહસિક પ્રવૃત્તિઓ જેવી કે સમુદ્રતરણ તાલીમ, નદીકાંઠા, વનવિસ્તાર, સાગરકાંઠા, રણ તથા સરહદી વિસ્તાર પરિભ્રમણ, પર્વતારોહણ તાલીમ કોર્સ, બરફચઢાણ, શિખર આરોહણ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર યુવક/યુવતિઓ માટે વીમા રક્ષણ | ૧,૦૦,૦૦૦ | " |
| ૯ | સ્પોર્ટસ હોસ્ટેલમાં રહેતા ટ્રેઈનીઝ માટેની વીમા યોજના | સ્પોર્ટસ હોસ્ટેલનાં ખેલાડીઓને વીમાનું કવચ પૂરૂં પાડવાની યોજના | ૧,૦૦,૦૦૦ | " |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | પોલીસ કર્મચારીઓની અકસ્માત વીમા યોજના | રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા તમામ પોલીસ કર્મચારીઓ માટે અકસ્માત વીમા કવચ.<br>Dy.S.P. અને ઉપરની કક્ષાના<br>PI/PSI/PSC કક્ષાના<br>H.C. અને કોન્સ્ટેબલ<br>ATS સ્ટાફ<br>CM સલામતી | <br><br><br>૫,૦૦,૦૦૦<br>૫,૦૦,૦૦૦<br>૪,૦૦,૦૦૦<br>૧૫,૦૦,૦૦૦ | " |
| ૧૧ | સફાઈ કામદાર અકસ્માત વીમા યોજના | સફાઈ કામદાર | ૧,૦૦,૦૦૦ | " |
| ૧૨ | નિરાધાર/વિધવા સહાય યોજના | નિરાધાર / વિધવા | ૧,૦૦,૦૦૦ | " |
| ૧૩ | વિકલાંગ અકસ્માત વિમા યોજના | રાજ્યના ૧.૦૦ લાખથી ઓછી આવક ધરાવતા વિકલાંગો | ૧,૦૦,૦૦૦ | " |

( શૈલજા પટેલ )
નાયબ સચિવ
નાણા વિભાગ